Posted at Mumbai PC Stg. Office

Date of Posting 15 & 16 Every Month
Date of Publishing 15th of Every Month

॥ શ્રી ગણેશાય નમઃ ॥ MUMBAI PATIDAR PRAGATI GUJRATI (MONTHLY) ॥ શ્રી ઉમિયાય નમઃ ॥

# મુંબઈ પાટીદાર પ્રગતિ

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

* સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ * સંચાલન : શ્રી કચ્છી કડવા પાટીદાર યુવા મંડળ (મુંબઈ) * મુખપત્ર સમિતિ * તંત્રી : શ્રી છગનભાઈ નાનજી રામજીયાણી *

September 2025 Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૨૬ • અંક ૨૮૬ ❐ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❐ Posting No. MNE / 258 / 2022-24 • તા. ૧૫/૦૩/૨૦૨૬ • પાના - ૪

## તંત્રી સ્થાનેથી...

**ચૈત્ર નવરાત્રી મહોત્સવ એ નવરાત્રીનો દેવી દુર્ગા માતાનો નવ દુર્ગા સ્વરૂપનો ઉજાગર કરે છે. જેમાં નવમા દિવસે શ્રી રામનો જન્મોત્સવ મનાવવામાં આવે છે.**

રામ નવમી એટલે આદર્શ જીવન અને સુદ્રઢ સમાજ નિર્માણનો પર્વ

ભારતીય સંસ્કૃતિમાં રામ નવમી માત્ર એક તહેવાર નથી. પરંતુ તે જીવનશૈલી અને આદર્શ મૂલ્યોનો મહોત્સવ છે. ચૈત્ર સુદ નવમીના દિવસે મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામનો જન્મ થયો હતો. આજે હજારો વર્ષો પછી પણ રામનું જીવન એટલું જ પ્રસ્તુત છે જેટલું તે ત્રેતાયુગમાં હતું.

ભગવાન શ્રીરામના જીવનમાંથી શીખવા જેવી થોડીક બાબતો

ભગવાન રામે પોતાના જીવન દ્વારા સમાજને અમૂલ્ય પાઠ આપ્યા છે. જે આજના આધુનિક સમયમાં પણ ખૂબ જ જરૂરી છે.

મર્યાદા અને અનુશાસન : રામ એટલે 'મર્યાદા' તેમણે ક્યારેય ધર્મ અને નીતિની મર્યાદા ઓળંગી નથી. આજના સમયમાં જો આપણે સોશિયલ મીડિયાથી લઈને જાહેર જીવન સુધી મર્યાદા જાળવીએ, તો અનેક સંઘર્ષો ટળી શકે છે.

વચન પાલન : ''રઘુકુલ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પર વચન ન જાઈ.'' આજના યુગમાં જયારે લોકો સ્વાર્થ માટે સંબંધો તોડી નાખે છે. ત્યારે રામનું વચન પાલન આપણને પ્રમાણિક્તા શીખવે છે.

સમાનતાનો ભાવ : ભગવાન રામે શબરીના બોર ખાધા અને કેવટને ગળે લગાવ્યો. આ દર્શાવે છે કે જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર માનવતા જ સર્વો પરી છે. એક મજબૂત સમાજ માટે આ સમાનતા અનિવાર્ય છે.

રામ નવમીનું સામાજિક મહત્વ : આ ઉત્સવ ઉજવતી વખતે આપણે સમાજ તરીકે અમુક સંકલ્પો કરવા જોઈએ :

કુટુંબ વ્યવસ્થાનું જતન : રામ એક આદર્શ પુત્ર, આદર્શ ભાઈ અને આદર્શ પતિ હતા. જો દરેક ઘરમાં રામ જેવો પ્રેમ અને ત્યાગ હોય તો વૃદ્ધાશ્રમોની જરૂર જ ન પડે.

સત્યના માર્ગે ચાલવું : ભલે ગમે તેટલી

અનુસંધાન પાના નં. ૩ પર...

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ

### શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ મુંબઈ રિજીયન

### હેલ્થ ઈન્વેસ્ટમેન્ટ જર્ની

સેલ્ફ ઈન્વેસ્ટમેન્ટ જર્ની તેમજ વેલ્થ ઈન્વેસ્ટમેન્ટ જર્ની ના કાર્યક્રમની અભૂતપુર્વ સફળતા બાદ આધુનિક જીવનશૈલીમાં વધતા તણાવ, ખોરાકની બદલાતી આદતો અને વ્યસ્ત જીવનના કારણે અનેક લાઈફસ્ટાઈલ બીમારીઓ વધી રહી છે. આ પરિસ્થિતિમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવી ખૂબ જ જરૂરી બની છે. આ હેતુસર શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ, મુંબઈ દ્વારા ''હેલ્થ ઈન્વેસ્ટમેન્ટ જર્ની'' વિષય પર ખાસ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

**વક્તા : પ્રિયા નિરવ પોકાર (હેલ્થ અને લાઈફસ્ટાઈલ કોચ)**

**તારીખ : ૧૧ એપ્રિલ ૨૦૨૬ * સ્થળ : પાટીદાર વાડી, ઘાટકોપર**

**આ કાર્યક્રમમાં આપ શું શીખશો :**

* લાઈફસ્ટાઈલ બીમારીઓના સાચા કારણોની સમજ.
* વિચાર, ભાવનાઓ અને એનર્જીનો સ્વાસ્થ્ય પર પડતો પ્રભાવ.
* સ્વાસ્થ્ય માટે માઈન્ડસેટની શક્તિ અને તેની પાછળનો વિજ્ઞાન.
* પ્રકૃતિની સૌથી શક્તિશાળી ઔષધિઓ વિશે જાણકારી
* સ્વાસ્થ્યને ૧૦ ગણું સુધારવા માટેની અનેક મહત્વપૂર્ણ બાબતો.

### AI Studio Workshop

આધુનિક યુગમાં **Artificial Intelligence (AI)** ઝડપથી વિશ્વને બદલતું જઈ રહ્યું છે. નવી ટેકનોલોજી વિશે જાણવું અને તેને પ્રયોગમાં લાવવું આજના યુવાનો માટે ખૂબ જ મહત્વપૂર્ણ બની ગયું છે. આ વાતને ધ્યાનમાં રાખી ''**Shree Kutchi Kadva Patidar Sanatan Yuva Mandal Mumbai**'' દ્વારા ખાસ ''**AI Studio Workshop**''નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં **AI** ની મૂળભૂત સમજ, તેની પ્રેક્ટિકલ ઉપયોગિતા અને આજના સમયના વિવિધ **AI tools** વિશે માર્ગદર્શન આપવામાં આવશે.

આ વર્કશોપ ખાસ કરીને વિદ્યાર્થીઓ, યુવાનો, બિઝનેસમાં જોડાયેલા લોકો અને ટેકનોલોજી શીખવા ઈચ્છુક તમામ માટે ખૂબ ઉપયોગી રહેશે.

**તારીખ : ૧૪ જૂન ૨૦૨૬**

**સ્થળ : પાટીદાર વાડી, ઘાટકોપર**

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને નવી ટેકનોલોજી વિષે જાણવાનો અને શીખવાનો લાભ લેવો સૌને વિનંતી. આપનો સહકાર અને ઉપસ્થિતિ અમને પ્રેરણા આપશે.

### મુંબઈ ટ્રેઝર હન્ટ - Game by Car

મહારાષ્ટ્ર દિવસ અને લેબર દિવસના મુંબઈના ખાલી રસ્તાઓમાં મુંબઈના છુપાયેલા રત્નો **(Hidden Gems)**ને શોધવા માટેની એક રોમાંચક કાર ગેમ.

* થીમ્ મુંબઈ રોડ રેસ **(Mumbai Road Race).**
* વિશેષતા : એડવેન્ચર મજા અને આકર્ષક ઈનામો જીતવાની તક.
* તારીખ : ૧ મે ૨૦૨૬

**શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ**

**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા - મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

**સમર્થ વ્યક્તિ પ્રતિકુળતાને અનુકુળતામાં પલટાવી શકે છે.**

## શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)

### ચુંટણી પંચ - ૨૦૨૬

સર્વે સભ્યોને સવિનય જણાવવાનું કે ઉપરોક્ત સમાજના કાર્યકાળ ૦૧-૦૪-૨૦૨૬ થી ૩૧-૦૩-૨૦૨૯ માટે ચુંટણીનું મતદાન તા. ૨૨-૦૩-૨૦૨૬ના સવારના ૯.૦૦ થી બપોરે ૧.૦૦ દરમ્યાન પાટીદાર વાડી ઘાટકોપર મધ્યે રાખવામાં આવેલ છે, બપોરે ૧.૦૦ વાગ્યા સુધી પાટીદાર વાડી ઘાટકોપરમાં આવી જનાર સભ્યોને મત આપવા દેવામાં આશે.

**નોંધ : મતદાન ફક્ત ૧૮ વર્ષ પુર્ણ થયા હોય તેવા સભ્યોનેજ મતદાન કરવા મળશે.**

**આપના વિશ્વાસુ**
**કન્વીન્ચર : અરૂણ હંસરાજ નાકરાણી**
**છગન કાનજી પોકાર - પ્રકાશ હરજી માવાણી**
**રમેશ વિશ્રામ વાસાણી - નરસિંહ શામજી સેંઘાણી**

**વામા કસ્તુરી એક દિવસીય ટ્રેડ ફેર...** પાના નં. ૧થી ચાલું...

૬) ચોકલેટના દાતા : ગં.સ્વ. લક્ષ્મીન મોહનભાઈ ડાયાણી

**સુંદર સજાવટ અને ઉત્તમ પ્રસ્તુતિ માટે પસંદગીના સ્ટોલધારકોને ઈનામોથી સન્માનિત કરવામાં આવ્યા. તેના વિજેતા હતા.**

૧) પહેલું ઈનામ : શ્રીમતી પૂજા તેજશ વેલાણી (સ્વરીત ક્રિએશન)
૨) બીજુ ઈનામ : શ્રીમતી કમળામબેન રાજેશ ઉકાણી (હર્બસ હીલ્સ)
૩) લક્કી ડ્રોનું ઈનામ : ભાવનાસ કલેકશન અને રામજીયાણી ક્રીએશન

આ પુરસ્કારો સ્ટોલધારકો માટે ઉત્સાહવર્ધક અને પ્રેરણારૂપ બની રહ્યા.

છેલ્લે બધીજ સમિતિઓ જેમકે ભોજન સમિતિ, મંડપ સમિતિ, પ્રિન્ટિંગ સમિતિ, વાડીના કર્મચારીઓનો આભાર તથા વામા કસ્તુરીને ટેકો આપનાર ટ્રસ્ટીશ્રીઓ, ઘાટકોપર સમાજ, ઘાટકોપર યુવા મંડળ વગેરેનો પણ હૃદયપૂર્વક આભારી.

સૌના સહકાર અને લાગણી ભર્યા સમર્થનથી આ કાર્યક્રમ એક યાદગાર અવસર બની રહ્યો.

**પ્રમુખ : શ્રીમતી કુસુમ જય રામજીઆણી**
**મહામંત્રી : શ્રીમતી મનીષા રાજેશ વેલાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ-મુલુંડ

શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ, મુલુંડ દ્વારા તારીખ ૩૧-૦૧-૨૦૨૬ના રોજ સરદાર તારા સિંહ ગાર્ડનમાં ૪ થી ૧૨ વર્ષના બાળકો માટે 'સ્પોર્ટસ ડે' (રમતગમત દિવસ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકોની સાથે તેમના મમ્મીઓ અને દાદીઓએ પણ રમતગમતમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સૌએ ખૂબ જ આનંદ માણ્યો હતો. રમત બાદ તમામ બાળકોને પ્રોત્સાહક ભેટ (ગિફ્ટ) આપવામાં આવી હતી અને ત્યારબાદ સર્વે માટે નાસ્તાની સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી.

**પ્રમુખ : સુરભીબેન રાજેન્દ્ર ચોપડા**
**મહામંત્રી : રમીલાબેન મણિલાલ વેલાણી**

**તંત્રી સ્થાને થી.....** પાના નં. ૧થી ચાલું...

મુશ્કેલી આવે સત્યનો સાથ ન છોડવો એ જ સાચી રામ ભક્તિ છે.

નિઃસ્વાર્થ સેવા : હનુમાનજીની જેમ નિઃસ્વાર્થ ભાવે રાષ્ટ્ર અને સમાજની સેવા કરવી એ દરેક નાગરિકની ફરજ છે.

સંદેશ : રામ રાજ્યનો અર્થ માત્ર કોઈ ભૌગોલિક સીમા નથી, પણ એક એવી વ્યવસ્થા છે જ્યાં છેવાડાના માનવીને પણ ન્યાય મળે અને દરેક વ્યક્તિ સુખી હોય. ચાલો, આ રામ નવમીએ આપણે આપણા હૃદયમાં રામને સ્થાપિત કરીએ અને એક સુદ્રઢ સમાજનું નિર્માણ કરીએ એજ અભિલાષા સાથે....

આપ સૌને રામ નવમીની હાર્દિક શુભેચ્છાઓ.

**છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી, તંત્રી**
**યોગેશ મણીલાલ રામાણી, સહતંત્રી**
**કુસુમબેન જયભાઈ રામજીયાણી સહતંત્રી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) દ્વારા પ્રેરિત શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજિત સહયોગી – શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ–ઘાટકોપર શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ – મુલુંડ

OJJAS

**નેઝલ પોલિપ્સ ( નાકની અંદરની ત્વચામાં થતી નાની ગાંઠો)**
**(દવા વગર કુદરતી ઉપચાર )**

- નાકના પોલાણ સાથે જોડાયેલ હવાથી ભરેલ કોથળીઓ જેને સાયનસ કહેવામાં આવે છે તેમાં અને નાકની અંદરની મુલાયમ ત્વચા માં (mucus) ક્યારેક ખૂબ નાની નાની ગાંઠ થાય છે. તેને નેઝલ પોલિપ્સ કહેવાય છે.
- નેઝલ પોલિપ્સ સામાન્ય રીતે ગંભીર નથી હોતા પણ તેનો ઈલાજ કરવામાં ન આવે તો ક્યારેક શ્વાસ લેવામાં તકલીફ થઇ શકે છે.
- સાઈનસાઈટીસ, દમ, અથવા અમુક એલર્જીસ ને કારણે નાકના માર્ગની આંતરિક ત્વચા ઉપર લાંબા સમય સુધી સોજો થવાના કારણે આ નેઝલ પોલિપ્સ થાય છે.
- નેઝલ પોલિપ્સ ના લક્ષણો : બંધ નાક,વહેતુ પાણી,નાકમાંથી લોહી નીકળવું,નસકોરા બોલાવવા,સુંઘવાની કે ચાખવાની શક્તિમાં ઘટાડો,માથાનો દુઃખાવો

ગ્રીન + વટાણો

હાથ ના અંગૂઠા માં ગ્રીન કલર કરી વટાણા લગાડો. (ચિત્રમાં બતાવ્યા પ્રમાણે)


મેથી
આની સાથે વન પોઇન્ટ થેરપી ના પોઈંટ લગાડવાથી જલ્દી ફાયદો થાય છે તેથી ચિત્ર માં બતાવેલા પોઈંટ ને એકટીવ કરી બંને હાથ ની આંગળી માં મેથી ના દાણા લગાડો. ( Li 20 )

<u>વિશેષ</u> :
દરરોજ નાક ના દરેક કોષ કોષિકા અને નાભિક માં પોજીટીવ પ્રાણ ઉર્જા અવતરિત થાઓ. એવી રીતે પ્રાણ ઉર્જા આપી શકાય છે.

સંપર્ક : વર્ષા દિવાણી - 9870256773 શ્રુતિ સેંઘાણી - 9137868465
Email id ojjastherapy11@gmail.com

## વર્તમાન પત્રના માલિકીપણા અને અન્ય વિષયો સબંધિત વિગતો



| | |
|---|---|
| પ્રકાશન સ્થળ | : ઘાટકોપર મુંબઈ |
| પ્રકાશન પ્રકાર | : માસિક |
| મુદ્રકનું નામ | : છગન કાનજી પોકાર, શ્રી ક.ક.પા.જ્ઞા.ટ્રસ્ટ ફંડ મુંબઈ વતી |
| શું ભારતના નાગરિક છે? | : હા |
| સરનામું | : શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ, મુંબઈ, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ–૮૬. |
| પ્રકાશકનું નામ | : છગન કાનજી પોકાર, શ્રી.ક.ક.પા.જ્ઞા. ટ્રસ્ટ ફંડ (મુંબઈ) વતી. |
| શું ભારતના નાકરિગ છે? | : હા |
| સરનામું | : શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ, મુંબઈ, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ–૮૬. |
| માનદ્ તંત્રીનું નામ | : છગનભાઈ નાનજી રામજીયાણી |
| શું ભારતના નાગરીક છે? | : હા |
| સરનામું | : ૫૦૧, શ્રી શંકર સાગર, ઓલ્ડ માણેકલાલ એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. |
| માસિક વર્તમાનપત્રના માલિક અને કુલ મુડીના એક ટકાથી વધુ ભાગીદાર કે હિસ્સેદાર હોય તે વ્યક્તિઓનાં નામ અને સરનામાં | સામાજીક સંસ્થા હોઈ લાગુ પડતું નથી |

હું છગન કાનજી પોકાર આ લેખીત જાહેરાતથી ઘોષણા કરૂં છું કે મારી શ્રેષ્ઠતમ જાણકારી અને દ્રઢવિશ્વાસ મુજબ ઉપરોક્ત વિગતો સાચી છે.

તા. ૩૧-૦૩-૨૦૨૬ પ્રકાશનની સહી : છગન કાનજી પોકાર

**શ્રી ક.ક.પા.સનાતન યુવા મંડળ મુંબઈ.....**

પાના નં. ૪થી ચાલું...

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧ | મેન ઓફ ધ મેચ<br>સેમી ફાઈનલ-૨ | સેંઘાણી ક્રિએટર્સ પ્રાઈવેટ લિમિટેટ | હસ્તે હિમત ગોપાલ સેંઘાણી | ધરમ ચોપડા<br>માં શક્તિ B બદલાપુર |
| ૧૨ | ટોસ | માતેશ્વરી ગ્રુપ | હસ્તે હીરાલાલ શામજી અમૃતિયા | |
| ૧૩ | ગ્રાઉન્ડ | માતુશ્રી કાંતાબેન કેશરા રામજીયાણી પરિવાર | હસ્તે રવિલાલભાઈ રામજીયાણી, રતિલાલભાઈ રામજીયાણી,<br>હરિભાઈ રામજીયાણી, હીરાલાલભાઈ રામજીયાણી | |
| ૧૪ | મંડપ | યુનિકોન એન્ટરપ્રાઈઝેસ | હસ્તે શ્રી અમૃત દામજી શાંખલા, શ્રીનાથ હર્ષનાથ શુકલા,<br>જેનિસ અમૃત શાખલા, જીનેશ અમૃત શાખલા | |
| ૧૫ | બોલ અને સ્ટંપ | શ્રી અરવિંદ ભગવાનજી રામજીયાણી,<br>શ્રી અશ્વિન ભગવાની રામજીયાણી | | |
| ૧૬ | અમ્પાયર | શ્રી હંસરાજ અરજણ વાસાણી,<br>શ્રી દેવશી અરજણ વાસાણી | હસ્તે રમેશ વાસાણી, દિલીપ વાસાણી,<br>હિતેન વાસાણી, ભાવિન વાસાણી | |
| ૧૭ | ભોજન | સ્વ. શ્રી જીવરાજ દેવશી રામાણી | હસ્તે મહેન્દ્રભાઈ, નવીનભાઈ, જેન્તીભાઈ | |
| ૧૮ | પાણી | માતુશ્રી પ્રેમીલાબેન કરસન રંગાણી | હસ્તે હરેશભાઈ, સતીષભાઈ, નરેન્દ્રભાઈ, રમેશભાઈ | |
| ૧૯ | મેન ઓફ ધ મેચ<br>ક્વાટર ફાઈનલ-૧ | પોલાઈસ પેંટસ | હસ્તે રમેશ નાનજી જાદવાણી | પ્રશાંત દિવાણી<br>લક્ષ્મીનારાયણ XI ભીવંડી |
| ૨૦ | મેન ઓફ ધ મેચ<br>ક્વાટર ફાઈનલ-૨ | યુનિક બીલ્ડવેલ | હસ્તે પરેશ માવાણી, પ્રિતેશ માવાણી, અશોક માવાણી | મહેશ કેશરાણી<br>સનાતનીવોરીયાર્સ થાણે |
| ૨૧ | મેન ઓફ ધ મેચ<br>ક્વાટર ફાઈનલ-૩ | શ્રી મણીલાલ લખમશી ધોળુ | હસ્તે જુગલ મણીલાલ ધોળુ, રાજેશ મણીલાલ ધોળું | મોનજ લીંબાણી<br>ઉમિયા XI ભીવંડી |
| ૨૨ | મેન ઓફ ધ મેચ<br>ક્વાટર ફાઈનલ-૪ | શ્રી છગનલાલ હીરજી ગોરાણી | હસ્તે અશોક ગોરાણી દીલીપ ગોરાણી | ધવલ લીંબાણી<br>માં શક્તિ B બદલાપુર |
| ૨૩ | ફોટોગ્રાફી | શ્રી શાંતીલાલ શીવજી ભીમાણી,<br>શ્રી શાંતીલાલ કાનજી ભગત,<br>માતુશ્રી કુંવરબેન શામજી સેંઘાણી | | |
| ૨૪ | MOM લીંગ મેચો | આર. એન. ધોળુ અને એસોસીએટસ | હસ્તે રાજેશભાઈ ધોળુ | |

| નં | કેટેગરી | દાતાશ્રી | હસ્તે | વિજેતાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | વુમન વિનર્સ કપ | કલ્યાણ સ્ટીલ એન્ડ કલ્યાણ સિમેન્ટ | હસ્તે વલાજીભાઈ છાભૈયા, ભરતભાઈ છાભૈયા<br>મગનભાઈ છાભૈયા, અશ્વિનભાઈ છાભૈયા | જય માતાજી ડોંબીવલી |
| ૨ | વુમન રનર્સ કપ | કલ્યાણ સ્ટીલ એન્ડ કલ્યાણ સિમેન્ટ | હસ્તે વાલજીભાઈ છાભૈયા, ભરતભાઈ છાભૈયા,<br>મગનભાઈ છાભૈયા, અશ્વિનભાઈ, છાભૈયા | વ્હાઈ સ્કેપ આર્મી - પનવેલ |
| ૩ | વુમન ઓફ ધ<br>મેચ ફાઈનલ | કલ્યાણ સ્ટીલ એન્ડ કલ્યાણ સિમેન્ટ<br>મગનભાઈ છાભૈયા, અશ્વિનભાઈ છાભૈયા | હસ્તે વાલજીભાઈ છાભૈયા, ભરતભાઈ છાભૈયા, | રૂતુજા વેલાણી<br>જય માતાજી ડોંબીવલી |
| ૪ | વુમન બેસ્ટ બેટર | શારદા એન્ટરપ્રાઈઝ | હસ્તે રીતેનભાઈ રંગાણી, ઉર્મીતભાઈ રંગાણી, રાજભાઈ રંગાણી | રિદ્ધિ ધોળુ - જય માતાજી ડોંબીવલી |
| ૫ | વુમન બેસ્ટ બોલર | શારદા એન્ટરપ્રાઈઝ | હસ્તે રીતેશભાઈ રંગાણી, ઉર્મતભાઈ રંગાણી, રાજભાઈ રંગાણી | હેતલ વાસાણી - વ્હાઈન સ્ક્રેપ આર્મી પનવેલ |
| ૬ | વુમન બેસ્ટ ફિલ્ડર | શારદા એન્ટરપ્રાઈઝ | હસ્તે રીતેશભાઈ રંગાણી, ઉર્મીતભાઈ રંગાણી, રાજભાઈ રંગાણી | ચાર્મી ધોળુ - જય માતાજી ડોંબીવલી |
| ૭ | વુમન ઓફ ધ સીરીઝ | | શ્રી હીરાભાઈ રામજીયાણી, શ્રી શાંતિલાલ રૂડાણી,<br>શ્રી વિઠ્ઠલભાઈ હળપાણી, શ્રી તુલસીભાઈ વાસાણી | ધર્મી ધોળુ<br>વ્હાઈટ સ્કેપ આર્મી પનવેલ |
| ૮ | અન્ડર ૧૬<br>વિનર્સ કપ | ન્યુ પટેલ સોમીલ | હસ્તે કાંતિભાઈ લીંબાણી, ડો. ધીરજભાઈ લીંબાણી,<br>મગનભાઈ લીંબાણી, CA ભવનભાઈ લીંબાણી | ઘાટકોપર યુનાઈટેડ |
| ૯ | અન્ડર ૧૬<br>રનર્સ કપ | ન્યુ પટેલ સોમીલ | હસ્તે કાંતિભાઈ લીંબાણી, ડો. ધીરજભાઈ લીંબાણી,<br>મગનભાઈ લીંબાણી, CA ભવનભાઈ લીંબાણી | શિવ શક્તિ થણે |
| ૧૦ | અન્ડર ૧૬ મેન<br>ઓફ ધ મેચ ફાઈનલ | ન્યુ પટેલ સોમીલ | હસ્તે કાંતિભાઈ લીંબાણી, ડો. ધીરજભાઈ લીંબાણી,<br>મગનભાઈ લીંબાણી, CA ભવનભાઈ લીંબાણી | વીર વાસાણી<br>ઘાટકોપર યુનાઈટેડ |
| ૧૧ | બેસ્ટ બેટર | શારદા એન્ટરપ્રાઈઝ | હસ્તે રીતેશભાઈ રંગાણી, ઉર્મીતભાઈ રંગાણી, રાજભાઈ રંગાણી | યુગ લીંબાણી - ઘાટકોપર યુનાઈટેડ |
| ૧૨ | બેસ્ટ બોલર | શારદા એન્ટરપ્રાઈઝ | હસ્તે રીતેશભાઈ રંગાણી, ઉર્મીતભાઈ રંગાણી, રાજભાઈ રંગાણી | વિહાન છાભૈયા - ઘાટકોપર યુનાઈટેડ |
| ૧૩ | બેસ્ટ ફિલ્ડર | શારદા એન્ટરપ્રાઈઝ | હસ્તે રીતેશભાઈ રંગાણી, ઉર્મીતભાઈ રંગાણી, રાજભાઈ રંગાણી | ધ્યાન ધોળુ - શિવ શક્તિ થાણે |
| ૧૪ | અંડર ૧૬ મેન<br>ઓફ ધ સીરીઝ | | હીરાભાઈ રામજીયાણી, શ્રી શાંતિલાલ રૂડાણી,<br>શ્રી વિઠ્ઠલભાઈ હળપાણી, શ્રી તુલસીભાઈ વાસાણી | યુગ લીંબાણી<br>ઘાટકોપર યુનાઈટેડ |
| ૧૫ | Youtube લાઈવ | H.K. DOORS | હરેશભાઈ રૂડાણી | |

**લી. શ્રી ક.ક.પા.સ. યુવા મંડળ મુંબઈ / શ્રી.અ.ભા.ક.પા. યુવાસંઘ મુંબઈ રિજીયન**

**પ્રમુખ : વિનય જેઠાલાલ છાભૈયા - મહામંત્રી : ભાવેશ પ્રેમચંદ પોકાર**

**ઉત્તમ પુસ્તકો માનવીના જીવનનું શ્રેષ્ઠ ઘડતર કરે છે.**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન યુવા મંડળ મુંબઈ - શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ મુંબઈ રિજીયન આયોજિત ઉમિયા કપ ૨૦૨૬ ક્રિકેટ ટુર્નામેન્ટ

ઉમિયા કપ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન બોરીવલી યુવા મંડળના સહકાર થી ઠાકુર વિલેજ ગ્રાઉન્ડ ખાતે તા. ૦૫-૦૨-૨૦૨૬ થી ૦૮-૦૨-૨૦૨૬ ચાર દિવસ કરવામાં આવેલ. ટુર્નામેન્ટમાં ટોટલ ૪૦ ટીમોએ ભાગ લીધો હ તો જેમાં ૬૦૦ થી ઉપર ખેલાડીઓ ક્રિકેટ રમ્યા હતા. જેમાં ૩૦ મેન્સ, ૫ ટીમ યુમેન્સની અને ૫ ટીમ અંડર-૧૬ મેન્સ ટીમ હતી. તા. ૫-૨-૨૦૨૬ ને ગુરૂવારના સવારના સૂર્યનારાયણના ઉગતા સુનેરી કિરણોની સાથે વડીલો હોદ્દેદારો અને દાતાશ્રીઓના વરદ હસ્તે માં ઉમિયા અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના ચરણોમાં નમન કરીને દીપ પ્રાગટ્ય કરી ઉમિયા કપ ૨૦૨૬ની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ચાર દિવસના પ્રોગ્રામમાં દરેક ખેલાડીઓ સરસ મજાનો ક્રિકેટ રમીને પ્રેક્ષકોને મનોરંજન પૂરું પાડયું. ખેલાડીઓને પ્રોહત્સાન આપવા રોજ સારી એવી સંખ્યામાં ક્રિકેટ પ્રેમીઓ પણ હાજર રહ્યા હતા.

તા. ૮-૨-૨૦૨૬ને રવિવારના સમાપન સમારંભમાં મહામંત્રી ભાવેશભાઈ પોકાર અને સહમંત્રી રીતેશભાઈ સેંઘાણીએ સર્વે સભ્યોનું સ્વાગત કરીને દસ વર્ષના દાતાશ્રીઓને સન્માન કરી અને મંચ ઉપર સ્થાનગ્રહણ કરાવેલ અને આ કાર્યક્રમ યુટ્યુબ પ્રસારણ દ્વારા ભારત ભરમાં લાખો લોકોએ મેચને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે નિહાળી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર ભોજન સમિતિ, પાણી સમિતિ, ક્રિકેટ નિયંત્રણ સમિતિ જેમ બોરીવલી યુવા મંડળ ને મુંબઈ યુવા મંડળના પ્રમુખશ્રી : વિનયભાઈ છાભૈયાના હસ્તે સર્વે સમિતિ ને સન્માનિત કરેલ. આમ ચાર દિવસ સવાર અને બપોરે ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ. આખરી દિવસે ફાઈનલ મેચ ડે-નાઈટ રમાઈ હતી. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન માઈક સંચાલન મહામંત્રી : ભાવેશભાઈ પોકાર અને સહમંત્રી : રીતેશભાઈ સેંઘાણીએ કરેલ.

**દાતાઓ વિજેતા થનાર ખેલાડીઓની નામાવલી નીચે મુજબ છે.**

**ઉમિયા કપ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૩ થી ૧૦ વર્ષના દાતાશ્રીઓ તેમજ એક વર્ષના દાતાશ્રીઓ**

| ક્રમ | કેટેગરી | દાતાનું નામ | હસ્તે | વિજેતાનું નામ |
|---|---|---|---|---|
| ૧ | વિનર્સ કપ | RRC Venture PVT. Ltd. | હસ્તે શ્રી રવજી રામજી ચોપડા, રમેશ રવજી ચોપડા, રાજેશ રવજી ચોપડા | લક્ષ્મીનારાયણ XI ભિવંડી |
| ૨ | રનર્સ કપ | માતુશ્રી સાવિત્રીબેન પુંજાભાઈ શીરવી | હસ્તે કપિલ શીરવી, રાજેશ શીરવી, જનક શીરવી | માં શક્તિ B બદલાપુર |
| ૩ | મેન ઓફ ધ સીરીઝ | માતુશ્રી સાવિત્રીબેન પુંજાભાઈ શીરવી | હસ્તે કપિલ શીરવી, રાજેશ શીરવી, જનક શીરવી | ભાવિક લીંબાણી આશાપુરા XI થાણે |
| ૪ | બેસ્ટ બેટર | શ્રી પચાણ રતનશી ચોપડા | હસ્તે હરેશભાઈ ચોપડા | ભાવિક લીંબાણી આશાપુરા XI થાણે |
| ૫ | બેસ્ટ બોલર | કે. એન. પોકાર એન્ડ કું. | હસ્તે જેન્તી પોકાર, કિરણ પોકાર, ભાવિન પોકાર, રોહન પોકાર, વત્સલ પોકાર | ધવલ લીંબાણી<br>માં શક્તિ B બદલાપુર |
| ૬ | બેસ્ટ ફિલ્ડર | શ્રીમતી ઝવેરબેન મોહન રામજીયાણી | હસ્તે અરૂણ રામજીયાણી, હરેશ મોહન રામજીયાણી | તેજસ શેઠિયા – સનાતની વોરીયર્સ થાંણે |
| ૭ | બેસ્ટ વિકેટકીપર | પર્વ કોર્પોરેસન | હસ્તે પાયલબેન વિશાલ પોકાર | સાગર લીંબાણી – ઉમિયા XI ભીવંડી |
| ૮ | બેસ્ટ ઈમર્જીંગ પ્લેયર | આર. એન. ધોળુ અને એસોસીએટસ | હસ્તે રાજેશભાઈ ધોળુ | ઉદય પોકર – ઉમિયા XI ભીવંડી |
| ૯ | મેન ઓફ ધ મેચ ફાઈનલ | શ્રી શાંતિલાલ લાલજી ધોળુ | હસ્તે નવનીતભાઈ ધોળુ, કિરણભાઈ ધોળુ | વૈભવ દીવાણી<br>લક્ષ્મીનારાયણ XI ભીવંડી |
| ૧૦ | મેન ઓફ ધ મેચ સેમી ફાઈનલ-૧ | મૈત્રી ગ્રુપ | હસ્તે મહેશ રતનશી સેંઘાણી, ભાવેશ પ્રેમજી સેંઘાણી, પ્રકાશ ગોપાલ રંગાણી, ઈશ્વર રામજી ધોળુ | માધવ દીવાણી<br>લક્ષ્મીનારાયણ XI ભીવંડી |

અનુસંધાન પાના નં. ૩ પર...

## મુંબઈ પાટીદાર પ્રગતિ મુખપત્ર માટે

આપ સર્વે જ્ઞાતિજનોને વિનંતી છે કે જેમને મુખપત્ર ઘરે નથી પહોંચતા એ સર્વે એ યુવા મંડળ મુંબઈના પ્રતિનીધી કાર્તિકભાઈ સેંઘાણીનો સંપર્ક કરવો. જેઓના એડ્રસ પરથી સતત મુખપત્રક રીર્ટન થતાં હોઈ એ માટે ભવિષ્યમાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. આપ સૌ જ્ઞાતિજનોના સહકારની અપેક્ષા.

**કાર્તિકભાઈ સેંઘાણી : ૯૯૮૭૭૬૫૦૫૧**

**ચેરમેન : શ્રી કાન્તીલાલ સેંઘાણી - મેને.ટ્રસ્ટી : શ્રી પ્રકાશભાઈ માવાણી**

## શ્રી કચ્છી કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈ દ્વારા આયોજીત વિશ્વ મહિલા દિવસ

દર વર્ષની જેમ આ વર્ષે પણ મહિલા મંડળ મુંબઈ વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવા જઈ રહ્યું છે.

**તારીખ : ૨૮-૦૩-૨૦૨૬, વાર : શનિવાર,**

**સમય : ૨.૩૦ કલાકે બપોરે, સ્થળ પાટીદાર ભવન ડોંબીવલી**

નોંધ : ગરબા ડેકોરેશન સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સન્માનિત કરવામાં આવશે તેમજ કેન્દ્રીય મહિલા સંઘ દ્વારા આયોજિત રંગોળી સ્પર્ધામા ભાગલેનાર બહેનોના સન્માન કરવામાં આવશે.

વિશેષમાં આપણા પાટીદારની દીકરી શ્રીમ છાભૈયા દ્વારા ''સાતત્વ'' - ગુડનેસ ઓફ હેલ્થ (કોંબીનેશન ઓફ ન્યુટ્રીશન માઈન્ડફુલનેસ એન્ડ મેન્ટલ વેલબીઈંગ) સેમિનાર રાખવમાં આવેલ છે.

**નોંધ : ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

**લી. મહિલા મંડળ મુંબઈ**

**પ્રમુખ : વર્ષાબેન નરેશ દિવાણી - મહામંત્રી : પુનમ નરેન્દ્ર રામજીયાણી**

## શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ ઘાટકોપર દ્વારા આયોજિત વામા કસ્તુરી એક દિવસીય ટ્રેડ ફેર

તારીખ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬, પાટીદાર વાડી ઘાટકોપરમાં આયોજિત વામા કસ્તુરી કાર્યક્રમ ખૂબ ભવ્ય અને સફળ રહ્યો. આ કાર્યક્રમમાં આપણી સમાજની સ્ટોલધારક બહેનો દ્વારા કપડા, ઝવેલરી, હેન્ડીક્રાફટ, ઘરગથ્થુ વસ્તુઓ, હોમમેઈડ ફૂન આઈટમ્સ અને અન્ય અનેક અનોખા ઉત્પાદનો રજૂ કરવામાં આવ્યા. મુલાકાતીઓએ પણ ઉત્સાહપૂર્વક ખરીદી કરી અને બહેનોના પ્રયાસોને પ્રોત્સાહન આપ્યું.

પ્રદર્શનનો મુખ્ય હેતુ સમાજની બહેનોને આત્મનિર્ભર બનવા માટે પ્રોત્સાહન આપવાનો હતો. અને તે હેતુ પૂર્ણરૂપે સિદ્ધ થયો છે. સ્ટોલધારક બહેનોને સારો પ્રતિસાદ અને વ્યાપાર મળ્યો, જે તેમના આત્મવિશ્વાસમાં વધારો લાવનાર રહ્યો.

કાર્યક્રમ દરમિયાન લક્કી ડ્રો જેવી પ્રવૃત્તિઓએ વાતાવરણને વધુ રોમાંચક બનાવી દીધું.

આ સફળતાની પાછળ અવિરત મહેનત કરનાર તમામ મહિલા મંડળની બહેનો તેમજ ખાસ કરીને સહયોગી તરીકે સહકાર આપનાર શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન મહિલા મંડળ મુંબઈ, સ્ટોલ ધારકો અને મુલાકાતીઓનો હૃદયપૂર્વ આભાર. દાતાશ્રીઓના સહકાર અને સમર્પણથી આ કાર્યક્રમ સફળતાપૂર્વ પાર પડયો.

**દાતશ્રીઓ :**

૧) દીપ પ્રાગટ્યના દાતા : શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ)ના ઘાટકોપર સ્થિત ટ્રસ્ટીશ્રીઓ
૨) ઈનોગ્રેશનનતા દાતા : શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (મુંબઈ)
૩) ભોજનના સહયોગીદાતા : શ્રીમતી અમૃતબેન મણીલાલભાઈ માકાણી
૪) હાઈટીના દાતા : સ્વ. શાંતાબેન લાલજીભાઈ છાભૈયા પરિવાર
૫) પાણીની બોટલના દાતા : સ્વ. વનિતાબેન કાનજીભાઈ પારસીયા

અનુસંધાન પાના નં. ૨ પર...